Alembic Touching Lives over 100 years

**એલેમ્બિક લિમિટેડ**

રજીસ્ટર્ડ ઓફિસ: એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩
CIN: L26100GJ1907PLC000033
ફોન: +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦; ફેક્સ: +૯૧ ૨૬૫ ૨૨૮૨૫૦૬
ઈ-મેલ: alembic.investors@alembic.co.in
વેબસાઈટ: www.alembiclimited.com

## સભ્યોને પોસ્ટલ બેલેટ અને ઈ-વોટીંગની સુવિધા આપવા બાબતની નોટીસ

સભ્યોને આ સાથે જણાવવામાં આવે છે કે કંપની ધારા ૨૦૧૩ ની કલમ ૧૧૦ અને કંપનીસ (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦ અને નિયમ ૨૨ ની જોગવાઈ અનુસાર, કંપનીએ શનિવાર, ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ પોસ્ટલ બેલેટ નોટીસ અને પોસ્ટલ બેલેટ ફોર્મ કંપનીના ઇક્વીટી શેરહોલ્ડર્સ જેઓ કપાત તારીખ શુક્રવાર, ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૯ (કપાત તારીખ) ના રોજ શેર ધરાવતા હતા તેઓને રવાનગી કરવાનું કામ સંપુર્ણ કરેલ છે. પોસ્ટલ બેલેટ નોટીસ દ્વારા કંપનીના સભ્યોની સામાન્ય ઠરાવ દ્વારા એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ સાથેના મટીરીયલ રીલેટેડ પાર્ટી ટ્રાન્જેક્શન્સ માટેની સંમતિ મંગાવવામાં આવી છે. પોસ્ટલ બેલેટ નોટીસ (અ) ઇ-મેઇલ માધ્યમથી, જે સભ્યોના ઇ-મેઇલ આઇડી કપાત તારીખના રોજ ડીપોઝીટરી પાર્ટીશિપન્ટ્સ / રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સ સાથે નોંધાયલ હતા અને (બ) ભૌતિક માધ્યમ વડે અગાઉથી ચુકવેલ સ્વ. સરનામું લખેલ વ્યવસાયિક જવાબ સાથે (જે સભ્યોના ઇ-મેઇલ આઇડીસ કપાત તારીખના રોજ નોંધાયેલ ન હતા) રવાના કરાયેલ છે.

કંપની તરફથી પોતાના તમામ સભ્યોને ઈ-વોટીંગની સુવિધા આપવાના હેતુથી સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઇન્ડિયા) લિમિટિડને રોકવામાં આવેલ છે. સભ્યોને એ વાતની નોંધ લેવા વિનંતી કરવામાં આવે છે કે વોટીંગ બંન્ને રીતે, પોસ્ટલ બેલેટ દ્વારા અને ઇલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા બુધવાર, ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯ (સવારે ૯.૦૦ કલાકે) શરૂ થશે અને ગુરૂવાર, ૨૧મી માર્ચ, ૨૦૧૯ (સાંજે ૫.૦૦ કલાકે) પૂર્ણ થશે.

સભ્યોના મતદાનના અધિકારની નોંધણી કરવા માટે કંપનીએ શુક્રવાર, તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૯ ને કટ-ઑફ તારીખ નક્કી કરેલ છે. જે વ્યકિત આ કટ-ઑફ તારીખે સભ્ય ન હોય તેણે આ નોટીસ ફક્ત તેમની માહિતી માટે છે તેમ સમજવું.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મેસર્સ સામદાની શાહ એન્ડ કાબરા, પ્રેકટીસીંગ કંપની સેક્રેટરીઝ, વડોદરા ને પોસ્ટલ બેલેટ અને ઇ-વોટીંગની પ્રક્રિયા, યોગ્ય અને પારદર્શક રીતે કરવા માટે ચકાસણીકાર તરીકે નિમણુંક કરેલ છે. સભ્યોને એ વાતની નોંધ લેવા માટે વિનંતી કરવામાં આવે છે કે પૂરા ભરેલા અને યોગ્ય રીતે સહી કરેલા પોસ્ટલ બેલેટ ફોર્મ્સ આ ચકાસણીકારને કામકાજના કલાકો પૂરા થાય તે પહેલાં, ગુરૂવાર, ૨૧મી માર્ચ, ૨૦૧૯ (સાંજે ૫.૦૦ કલાક) સુધીમાં પહોંચી જાય તે રીતે મોકલવાના રહેશે. સભ્યો પાસેથી નિયત તારીખ અને સમય પછી ટપાલ દ્વારા પ્રાપ્ત થયેલા પોસ્ટલ બેલેટને માન્ય ગણવામાં આવશે નહી.

જે સભ્ય કટ-ઑફ તારીખના દિવસે શેર્સ ધરાવતા હતા પણ જેને પોસ્ટલ બેલેટ નોટીસ અને પોસ્ટલ બેલેટ ફોર્મ ના મળ્યું હોય તે લેખીતમાં/ઈમેઈલ દ્વારા કંપનીના રજીસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સને વિનંતી કરીને બીજું (ડુપ્લીકેટ) પોસ્ટલ બેલેટ ફોર્મ મેળવી શકે છે. આ પોસ્ટલ બેલેટ નોટીસ અને પોસ્ટલ બેલેટ ફોર્મને અમારી વેબસાઇટ www.alembiclimited.com અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાય છે.

**પોસ્ટલ બેલેટ સાથે સંબંધિત પ્રશ્નો/ફરિયાદો માટે સંપર્ક :**
લીંક ઇનટાઇમ ઈન્ડિયા પ્રા. લી.
યુનીટ : એલેમ્બિક લિમિટેડ
બી-૧૦૨ અને ૧૦૩, શાંગ્રીલા કોમ્પલેક્ષ, પહેલો માળ,
રાધાક્રિષ્ના ચાર રસ્તા નજીક, અકોટા,
વડોદરા - ૩૯૦ ૦૨૦, ગુજરાત, ભારત
ઇ-મેલ આઇડી : vadodara@linkintime.co.in
ફોન નં. : ૦૨૬૫ ૬૧૩૬૦૧૧, ૨૩૫૬૭૯૪

**ઈ-વોટિંગ સંબંધિત પ્રશ્નો/ફરિયાદો માટે સંપર્ક :**
શ્રી રાકેશ દળવી, ડેપ્યુટી મેનેજર
સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ
૨૫મો માળ, એ વિંગ, મેરેથોન ફયુચરેક્ષ,
મફતલાલ મિલ્સ કમ્પાઉન્ડ, એન. એમ. જોષી માર્ગ,
લોવર પરેલ (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૧૩, મહારાષ્ટ્ર, ભારત
ઇ-મેલ આઇડી : helpdesk.evoting@cdslindia.com
ફોન નં. : ૧૮૦૦૨૨૫૫૩૩

પોસ્ટલ બેલેટ નોટીસ કંપનીની વેબસાઈટ www.alembiclimited.com ના ઇન્વેસ્ટર્સ સેકશન અને સ્ટોક એકસચેજીસની વેબસાઇટસ, www.nseindia.com અને www.bseindia.com ના કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેકશન પર પણ ઉપલબ્ધ છે.

પોસ્ટલ બેલેટનું પરિણામ શનિવાર, ૨૩મી માર્ચ, ૨૦૧૯ ના રોજ અથવા તે પહેલા સાંજના ૫.૦૦ કલાક સુધીમાં જાહેર કરવામાં આવશે અને કંપનીની રજીસ્ટર્ડ ઓફિસના નોટીસ બોર્ડ અને કંપનીની વેબસાઈટ www.alembiclimited.com અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર પણ મુકવામાં આવશે અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ અને બીએસઇ લિમિટેડને પણ જણાવવામાં આવશે.

**એલેમ્બિક લિમિટેડ વતી,**
**સહી/-**
**દ્રિગેશ મિત્તલ**
**કંપની સેક્રેટરી**

સ્થળ: વડોદરા
તારીખ: ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૯